## ડિજિટલાઈઝેશનના કારણે દસ કરોડ નોકરીઓ સર્જાશે

# ભારતની ડિજિટલ ઈકોનોમી એક વર્ષમાં એક ટ્રિલિયન અબજ ડોલર પર પહોંચશે

વડોદરા,મંગળવાર

કેન્દ્ર સરકારના સ્કિલ ડેવલપમેન્ટ, ઈન્ફર્મેશન ટેકનોલોજી અને ઈલેક્ટ્રોનિક મંત્રાલયના રાજ્ય કક્ષાના મંત્રી રાજીવ ચંદ્રશેખરે આજે એમ.એસ.યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી અને વિદ્યાર્થીઓના સ્ટાર્ટ અપ આઈડિયાઝનુ પ્રેઝન્ટેશન પણ જોયુ હતુ.

## કેન્દ્ર સરકારના સ્કિલ ડેવલપમેન્ટ તેમજ આઈટી મંત્રાલયના મંત્રી રાજીવ ચંદ્રશેખરે એમ.એસ.યુનિ.ની મુલાકાત લીધી

આ દરમિયાન તેમણે કહ્યુ હતુ કે, ભારતમાં જે ઝડપથી ડિજિટલાઈઝેશન વધી રહ્યુ છે તેના કારણે આગામી એક જ વર્ષમાં ભારતની ડિજિટલ ઈકોનોમી એક ટ્રિલિયન ડોલરને આંબી જશે.ભારતની સરકાર દેશની ઈકોનોમીને પાંચ ટ્રિલિયન ડોલરની બનાવવા માંગે છે અને તેમાં ડિજિટલ ઈકોનોમીનો હિસ્સો ૨૫ ટકા જેટલો હશે.તેમણે એવી પણ આગાહી કરી હતી કે, આગામી ૩ વર્ષમાં ડિજિટલ ઈકોનોમીના કારણે ૧૦ કરોડ લોકોને નોકરી મળશે.તેમનુ કહેવુ હતુ કે, ગુજરાતમાં પણ વિવિધ સેક્ટરમાં સ્ટાર્ટ અપ કરવા માટે ઘણી તકો રહેલી છે.સેમિ કન્ડક્ટર, સ્પેસ મટિરિયલ, ડ્રોન પાર્ટસ, આર્ટિફિશિયલ ઈન્ટલેજિન્સ, રિન્યુએબલ એનર્જી અને ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રમાં યુવાઓ સ્ટાર્ટ અપ શરુ કરીને સરકારની નીતિઓનો ફાયદો લઈ શકે છે.છેલ્લા બે વર્ષમાં દેશમાં એકસો સ્ટાર્ટ અપ યુનિકોર્નમાં ફેરવાયા છે અને તેમની વેલ્યૂ ૮૦૦૦૦ કરોડ રુપિયા જેટલી થવા જાય છે. સ્ટાર્ટઅપ થકી આગામી દસ વર્ષમાં વિશ્વની ઘણી ટેકનોલોજીની જરુરિયાત ભારત પૂરી પાડશે.ડિજિટલ ઈકોનોમીના કારણે આજે દેશના ગરીબોને પણ તેમને મળવાપાત્ર સહાય સીધી તેમના બેન્ક એકાઉન્ટમાં પહોંચી રહી છે.ઉપરાંત ઈન્ટરનેટ સેક્ટરને કેન્દ્ર સરકારે લિગલ ફ્રેમ વર્ક તૈયાર કરીને વધારે જવાબદાર બનાવ્યુ છે.

તેમણે વિદ્યાર્થીઓને કહ્યુ હતુ કે, આગામી દાયકો ભારતનો છે અને ન્યૂ ઈન્ડિયા..યંગ ઈન્ડિયાના સૂત્રને યુવાઓ સાથે મળીને સાકાર કરવામાં આવશે.

### સ્ટાર્ટ અપ પરફોર્મન્સ રેન્કિંગમાં ગુજરાત નંબર વન

ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ રાજ્ય મંત્રી કુબેરભાઈ ડિંડોરનુ કહેવુ હતુ કે, ગુજરાત છેલ્લા બે વર્ષમાં સ્ટાર્ટઅપ પરફોર્મન્સ રેન્કિંગમાં નંબર વન છે અને ભારત સરકાર દ્વારા ગુજરાતને આ માટે બેસ્ટ પરફોર્મન્સ એવોર્ડ પણ આપવામાં આવ્યો છે.ગુજરાતમાં યુવાઓ નવા ઈનોવેશન થકી સ્ટાર્ટ અપ તરફ વળી રહ્યા છે.